અપીલ અરજી નં.૧૬૨ તા.૧૧–૭ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી કૈલાશસિંહ ગંગાપ્રસાદ રાજપુત
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી કૈલાશસિંહ ગંગાપ્રસાદ રાજપુતની તા.૨૬–૫–૧૧ની અરજીથી શ્રી મુકેશ રામલખન મોર્યાએ કબ્જા રસીદના આધારે નામ દાખલ કરવા માટે કરેલી અરજી સાથે સંલગ્ન કબ્જા રસીદની કોપી આપવા બાબત.

સંદર્ભઃ–આપની અપીલ તા.૧૧–૭–૧૧ ની **SMC/FAP/** નં.૧૬૨/૨૦૧૧–૧૨

શ્રી કૈલાશસિંહ ગંગાપ્રસાદ રાજપુતની તા.૨૬–૫–૧૧ની અરજીથી શ્રી મુકેશ રામલખન મોર્યાએ કબ્જા રસીદના આધારે નામ દાખલ કરવા માટે કરેલી અરજી સાથે સંલગ્ન કબ્જા રસીદની કોપી આપવા બાબતે પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૩૬૩ તા.૨૦–૬–૧૧ થી મળેલ પ્રત્યુત્તર સામે નારાજગી જણાવી એપેલેટ ઓફિસરને તા.૧૧– ૭ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે પત્ર નં.આરટીઆઈ સેલ/૪૯૧ તા.૧૫–૭–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)તથા અરજદારને મુળ અરજી ,ફી ભર્યાની વિગત અને મળેલ માહિતી સામે નારાજગી આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ.જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/આ.નં.૫૪૧ તા.૨૮–૭–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારીએ ત્રાહિત વ્યકિતને પાઠવેલનં.સા.ઝોન/અકણ/ આરટીઆઈ/આ.નં.૩૦૨ તા.૪–૬–૧૧ ના પત્રની નકલ, ત્રાહિત વ્યકિતના તા.૭–૬–૧૧ ના પત્રના પ્રત્યુત્તરની નકલ, જાહેર માહિતી અધિકારી તરફથી ત્રાહિત વ્યકિતની માહિતી અંગે લેવાયેલ નિર્ણય અંગેની જાણ કરતો પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/આ.નં.૩૬૩ તા.૨૦–૬–૧૧ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨૬–૫–૧૧ ની અરજીથી શ્રી મુકેશ રામલખન મોર્યાએ કબ્જા રસીદના આધારે નામ દાખલ કરવા માટે કરેલી અરજી સાથે સંલગ્ન કબ્જા રસીદની કોપી ની માહિતી માંગતી અરજી કરેલ છે. પરંતુ અરજદારે મુળ અરજીમાં કઈ મિલ્કત બાબતે કબ્જા રસીદની વિગત જણાવેલ નથી. પરંતુ અરજદારની અરજી સંદર્ભે ઉધનાઝોન તરફથી મુકેશ રામલખન મોર્યાએ કરેલ નામફેર બાબતેની કરેલ અરજી ના સંદર્ભે પ્લોટ નં.૮૫૬ ઈ થી ૮૫૬ ઝેડ તથા ૮૫૬ ઝેડ એ થી ૮૫૬ ઝેડ ડી કુલ પ્લોટ નંગ–૨૬ નામ ફેર કરવા અંગે તા.૨૯–૫–૧૦ થી અરજી કરેલ જેની સાથે કબ્જા રસીદ રજૂ કરેલ.આમ અરજદારે ત્રાહિત વ્યકિત મુકેશ રામલખન મોર્યાની માહિતી માંગ્યાનું જણાવેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી મુકેશ રામલખન મોર્યાને સદર વિગતે માંગવામાં આવેલ માહિતી અરજદારને આપવી કે કેમ? તે અંગે વાંધા અને લેખિત અભિપ્રાય ત્રાહિત શ્રી મૌર્ય કક્ષાએથી પત્ર નંબર સા.ઝોન/અકણ/આરટીઆઈ/આ.નં.૩૦૨ તા.૪–૬–૧૧ થી માંગવામાં આવેલ. જે અંગે અરજદારે તા.૭–૬–૧૧ ના રોજ અરજદાર શ્રી કૈલાશસિંહ ગંગાપ્રસાદ રાજપુતને પ્લોટ નં.૮૫૬ ઈ થી ૮૫૬ ઝેડ તથા ૮૫૬ ઝેડ એ થી ૮૫૬ ઝેડ ડી કુલ પ્લોટ નંગ–૨૬ નામ ફેર કરવા માટે તા.૨૯–૫–૧૦ ના રોજ અરજી કરેલ જેની કબ્જા રસીદો તેમની પરવાનગી વગર કોઈને પણ આપવી નહીં અને કબ્જા રસીદની ઝેરોક્ષ આપવી નહીં તેવી રજૂઆત કરેલ છે. જે જાહેર માહિતી અધિકારીએ સા.ઝોન/ અકણ/ આરટીઆઈ/ આ.નં.૩૬૩ તા.૨૦–૬–૧૧ થી ત્રાહિત પક્ષકાર મુકેશ રામલખન મોર્યાએ માહિતી/નકલો આપવા અંગે વાંધો ઉઠાવી તે ન આપવા જણાવેલ છે તેથી આરટીઆઈ એકટની કલમ–૧૧(૨) હેઠળ માહિતીની નકલો આપવા અંગે હું ઈન્કાર કરું છું તેવો નિર્ણય અરજદારને જણાવવામાં આવેલ. જે અંગે અરજદાર નારાજ થઈ બનાવટી બોગસ રસીદોની નકલની માંગણી કરેલ છે અને આવા બનાવટી કબ્જા રસીદ બનાવી કોઈ નામ દાખલ કરવા કોશિશ કરે તો સદર માહિતી આપવાથી મુકેશ રામલખન મોર્યાની સ્વતંત્રતા કે ગોપનીયતાનો ભંગ થતો નથી તેવું જણાવેલ છે. આમ અરજદારની માંગણી જાહેર માહિતી અધિકારીએ કલમ–૧૧ હેઠળ ઈન્કાર કરેલ માહિતી મેળવવાની રહે છે. પરંતુ અરજદારે અપીલ તબકકે પત્ર પાઠવી તક આપવા છતાં કોઈ પૂરક વિગતો પોતાની નારાજગી દર્શાવવામાં કે આધાર સ્પષ્ટ કરવામાં સફળ રહેલ નથી. કે ત્રાહિતના વાંધા સામે જાહેર હિત અગત્યનું છે. તેવું પ્રતિપાદિત કરવામાં પણ અરજદાર અપીલ તબકકે સફળ રહેલ નથી. અત્રે એ પણ સૂચક છે કે અરજદારે અપીલમાં "બનાવટી બોગસ કબ્જા રસીદ" તેવો વાકય પ્રયોગ કરેલ છે પરંતુ આધાર સહ તેવું પુરવાર કરી શકેલ નથી. એ પણ સૂચક છે કે અરજદારે માત્ર નકલોનો આગ્રહ રાખેલ છે માહિતીનો નહીં તેથી ત્રાહિતની નકલો અંગે જાહેર માહિતી અધિકારીએ લીધેલ નિર્ણય ગ્રાહય રાખવા જોગ છે.

હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૨૬–૫–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી અંગે જાહેર માહિતી અધિકારી તરફથી ત્રાહિતના દસ્તાવેજોની નકલો આપવા કલમ–૧૧ હેઠળ કરેલ ઈન્કાર આરટીઆઈ કાયદાની કલમ–૧૧ ને સુસંગત હોઈ તેવો નિર્ણય ગ્રાહય રાખવામાં આવે છે આથી અપીલ અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ,અપીલ અરજી દફતરે કરવામાં આવેલ છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન ) ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી કૈલાશસિંહ ગંગાપ્રસાદ રાજપૂત,